આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૭

સૂર્યાસ્ત : ૦૭.૦૧

તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૨.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૩૪ ટકા

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧ : હાઉસ ફૂલ ૨ :૧૨.૩૦,૩.૩૦,૬.૩૦,૯.૩૦

સ્ક્રીન-૨ : હાઉસ ફૂલ ૨ :૧.૪૫, ૪.૪૫,૧૦.૧૫

બેટલશીપ (અંગ્રેજી) : ૭.૪૫

બેટલશીપ (હિન્દી) : ૧૧.૧૫

સ્ક્રીન-૩ : બીટ્ટુ બોસ :૧૨.૦૦

બેટલશીપ (હિન્દી) : ૨.૩૦, ૫.૦૦, ૧૦.૩૦

હાઉસ ફૂલ ૨ : ૭.૩૦

સ્ક્રીન-૪ : છોડો કલ કી બાતે : ૧૨.૧૫

હાઉસ ફૂલ ૨ : ૧.૪૫, ૭.૩૦

બીટ્ટુ બોસ :૧૦.૦૦, ૨.૪૫, ૫.૧૫, ૧૦.૩૦

સિને મેક્સ

સ્ક્રીન-૧ : ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૧૦.૩૦, ૨.૧૫, ૯.૩૦
છોડો કલ કી બાતે / ટાઈટેનીક ૩-ડી(હિન્દી) : ૬.૦૦

સ્ક્રીન-૨ : હાઉસ ફૂલ ૨: ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩ : બેટલશીપ (હિન્દી) : ૯.૦૦

હાઉસ ફૂલ ૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૪૫, ૯.૦૦

સ્ક્રીન-૪ : બીટ્ટુ બોસ : ૯.૪૫, ૨.૪૫, ૭.૪૫

બેટલશીપ (હિન્દી) : ૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫

સૂર્યા, વાવોલ

બ્લડમની : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પ્રીત ઝૂકે નહી સાથ છૂટે નહીં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- શ્રી ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ ગાંધીનગર દ્વારા સવારે ૯.૦૦ કલાકે શૈક્ષણિક કાર્યક્રમ

સામાજિક

- જૈન સોશ્યલ ગ્રૂપ ગાંધીનગર દ્વારા "એક શામ શ્રી નાકોડા ભૈરવ કે નામ" નામક કાર્યક્રમનું આયોજન મોટી સમાજવાડી, પેથાપુર-રાંધેજા રોડ ખાતે સાંજે ૫.૦૦ કલાકે.
- ગાંધીનગર મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલફેર ઓસાસિએશન (મેવા) અને સરોવર એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી માર્ગદર્શન સેમીનારનું બપોરે ૩.૦૦ કલાકે જુમ્મા મસ્જિદ, પરપઝ હોલ, સેક્ટર-૨૧માં યોજાશે.
- જીવન શિલ્પ સંદેશ પરિવાર અને પાક્ષિક સમાચાર પત્રના સંયુક્ત ઉપક્રમે "આંબેડકર કપ-૨૦૧૨" ક્રિકેટ ટુનામેન્ટનું ઉદ્‌ઘાટન સરકારી વિનયન કોલેજ ગ્રાઉન્ડમાં સવારે ૧૦.૦૦કલાકે.

આપની આજ

- કિશોર ત્રિવેદી

મેષ : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા ઉપર નિયંત્રણ રાખવું.

વૃષભ : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકે છે. કૌટુંબીજનો સાથે સારો એવા સમયપસાર થઈ શકે છે. હિતશત્રુઓથી સાચવવું.

મિથુન : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનતી જણાય. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. વેપાર સારો થશે.

કર્ક : શુભ મંગળ કાર્યોનો યોગ આર્થિક સમસ્યાઓ પર કાર્ય થશે. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકરણ આવશે. દિવસ આનંદમયરીતે પસાર થાય. ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

સિંહ : જ્ઞાન- શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ વ્યય ન થાય તેની કાળજી રાખવી. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપબ્ધિ પ્રાપ્ત મળી શકે છે.

કન્યા : તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપત્તિ મળવાનો યોગ છે. ગ્રાહકો સાથે મધુર સંબંધ બનશે.

તુલા : વાહન સુખ પ્રાપ્તિનો યોગ. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાનો યોગ. અધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાનો યોગ.

વૃશ્ચિક : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રપ્તિ થઈ શકે છે. વેપાર કુટુંબમાં શુભકાર્યો, કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ ન થાય તેની કાળજી રાખવી.

ધન : આવકના સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થઈ શકે છે. રોગ, કર્જ સંબંધી કાર્યોમાં લાભ. વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

મકર : વિશિષ્ટ ખાનપાન પણ થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ. ભાગ્યવર્ધક યાત્રાઓનો વિશેષ યોગ. ધાર્મિક ક્ષેત્રમાં વિશેષ યાત્રા થઈ શકે છે.

કુંભ : સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતનનો કરવું. શિક્ષા, જ્ઞાન વિશેષ નિર્ણયથી લાભ પ્રાપ્તિનો યોગ, પદ, વાહન સંબંધી વિવાદોમાં સમય પસાર થશે.

મીન : વ્યાપારમાં ગહન શોધ સંબંધી કાર્ય થશે. કલાત્મક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યોનો યોગ. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

ચિરવિદાય

- સ્વ. શકરીબેન સોમાભાઈ (ઉ.વ. ૭૨) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર

ઉનાળાનો આકરો તાપ વધતાં ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ઘરોમાં પંખા-એર કુલરો એસીના ભૌતિક સાધનો દ્વારા સહેજ ઠંડક મેળવાય છે. એક બાજુ લગ્નસરાની મોસમમાં ગરમીની પરવા કર્યા વિના જાનૈયાઓની દોડધામ વધી રહી છે. ગરમીમાં તરસ છીપાવવા હવે જાહેર માર્ગો પર પાણીના ઠંડા પાઉચ તથા બોટલોનું ધૂમ વેચાણ ચિલોડા પંથકમાં થઈ રહ્યું છે. અહીં વર્ષો જૂની પાકી પરબો વટેમાર્ગુ માટે ખૂબ આર્શીવાદરૂપ હતી. જેમાં સાદરા રોડ-પેટા આરોગ્ય કેન્દ્ર કે ઈસનપુર-ચિલોડાના ત્રિભેટે પરબોની સુંદર વ્યવસ્થા હતી. ચિલોડા-ઈસનપુરના ત્રિભેટે વિશાળ વડ નીચે બનાવેલી પાકી બિન ઉપયોગી પરબ જોવા મળે છે. અહીં ગામની જાનનો ઉતારો, બેઘડી આરામ કરવાની જગ્યા અને ઠંડા પાણીની સુવિધા દરેક વટેમાર્ગુને મળતી હતી તેવા સંભારણા રૂપે પરબ અહીં જાણે સ્મારકરૂપે ઉભી છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર શહેર ભાજપા અનુ.જાતિ મોરચાના આગેવાનોએ ડૉ. આંબેડકરને પુષ્પાંજલિ અર્પી

ગાંધીનગર, તા. ૧૪

ભારતીય બંધારણના ઘડવૈયા અને ભારત રત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૧મી જન્મ જયંતિ નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકર ગાંધીનગર વિધાનસભા સામે આવેલ આંબેડકરની પ્રતિમાને પુષ્પાજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. ગાંધીનગર શહેર ભાજપા અનુ.જાતિ મોરચા આગેવાનો, હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. જેમાં આદિ પછાત જાતિ જાતિ વિકાસ નિગમના ચેરમેન પૂનમભાઈ મકવાણા, ગુજરાત પ્રદેશ ભાજપા અનુ. જાતિ મોરચાના કારોબારી સભ્ય કનવરભાઈ સોલંકી, ગાંધીનગર શહેર ભાજપા ઉપપ્રમુખ સુરેશભાઈ સેનવા, ગાંધીનગર શહેર અનુ.જાતિ મોરચાનાં પ્રમુખ કનુભાઈ વાલેરા, કારોબારી મંત્રીશ્રી દિલીપભાઈ મોર્ય, મધુકરભાઈ પરમાર, જે.સી. પરમાર, કોર્પોરેટર ગોવિંદભાઈ પરમાર, સંદિપ જ્યોતિકર, રમીલાબેન પરમાર, મહેન્દ્રભાઈ સોલંકી, જયદ્રથભાઈ વાદી, વિજયભાઈ ચાવડા, ભરતભાઈ દિક્ષિત, કેવીનભાઈ રાવળ, અતુલભાઈ ચાવડા, સંજયભાઈ વાઘેલા, સફાઈ કામદાર સેલ પ્રમુખ ખેમાભાઈ સોલંકી, મહિપાલ પ્રભાકર અને નરેશભાઈએ હાજર રહી ભારતીય બંધારણના ઘડવૈયા અને ભારત રત્ન ડૉ. બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાજલિ અર્પણ કરી હતી.

ઉનાવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર એ પોલિયો રાક્ષસ દહન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

ભારત દેશમાં છેલ્લા ૧૭ વર્ષથી પોલિયો નાબૂદી અભિયાન ચાલી રહ્યું છે ત્યારે સરકાર અને માનવજાતના સહયોગથી છેલ્લા ૧ વર્ષ અને ૪ મહિનામાં આખા ભારત દેશમાંથી એક પણ પોલિયોનો કેસ મળી આવ્યો નથી.

ડબલ્યુ.એચ.ઓ. એ ભારત દેશને પોલિયો મુક્ત જાહેર કર્યો છે ત્યારે આજે તા.૧૫ મી એપ્રિલેના રોજ પોલિયો રવિવાર છે જેના પૂર્વદિને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉનાવા, તા.જિ. ગાંધીનગર દ્વારા પોલિયો રાક્ષસના દહનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પોલિયો ફરીથી આપણા ભારત દેશમાં કોઇ પણ બાળકને ભરડામાં ન લે તે માટે ઉનાવા આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઑફિસર અને આયુષ મેડિકલ ઑફિસર તથા કર્મચારી ગણ સાથે ગ્રામજનોએ પોલિયો રાક્ષસના પૂતળાનું દહન કરી પોલિયોને તિલાંજલી આપી હતી.

ગાંધીનગર શહેરમાં પલ્સ પોલિયો બૂથ યાદી

બૂથનું સ્થળ	બૂથનું સ્થળ	બૂથનું સ્થળ
સે-૧ ગાયત્રી મંદિર	સે-૧૩/બી શૉપીંગ સેન્ટર	સે-૨૭ એસ.આર.પી
સે-૧ સમદર્શન આશ્રમ	સે-૧૪ - ૧૮/૧	સે-૨૭ પ્રા.શાળા
સે-૨ ઘ/૨ કોર્નર સે.ડૉ.	સે-૧૨ના છાપરાં, વિસ્થાપીતો	સે-૨૮ સરદારી દવાખાનું
રાજે પટેલનું દવાખાનું	ગોકુળપુરા	-
સે-૨બી શિવમંદિર	ગોકળપુરા	સે-૨૮ પ્રા.શાળા
સે-૩ ઈન્ક્વાયરી	સે-૧૫ ફતેપુરા	સે-૨૯, સરકારી દવાખાનું
સે-૩/સી અંબાજી મંદિર	સે-૧૬ સરકારી દવાખાનું	સે-૨૯/૧ પ્રા. શાળા
સે-૩/બી અંબાજી મંદિર	સે-૧૭ સરકારી દવાખાનું	સે-૨૯, ઘ/૭ કોર્નર
સે-૩ એ ન્યુ, સ.દવાખાનું	સે-૧૭, સરકારી દવાખાનું	સે-૩૦ - સરકારી દવાખાનું
સે-૪ સી, ગોગા મંદિર	સે-૧૭ પ્રા. શાળા	સે-૩૦ પ્રા.શાળા
સે-૪ એ, શિવ મંદિર	સે-૧૯ સુવિધા ક્રેચેરી	સે-૩૦ ઈન્ક્વાયરી
સે-૫/એ, પ્રેરણા સ્કૂલ	સે-૨૦ સરકારી દવાખાનું	જી.ઈ.બી. દવાખાનું
સે-૫, સરકારી દવાખાનું	સે-૨૦ પ્રા. શાળા	જી.ઈ.બી. ગુરૂકુળ
સે-૫ સી, મહાકાળી મંદિર	સે-૨૧ સરકારી દવાખાનું	બોરીજ પ્રા. શાળા
સે-૬ પ્રા. શાળા	સે-૨૧ પ્રા. શાળા	બોરીજ નવાપરા
સે-૬ સરસ્વતી સ્કૂલ	સે-૨૨ પ્રા. શાળા	પાલજ સરકારી દવાખાનું
સે-૬/ડી ભુવનેશ્વર મહાદેવ	સે-૨૨ પ્રા.શાળા	બાસણ પ્રા. શાળા
સે-૭ પ્રા. શાળા	સે-૨૨ રામેશ્વર મહાદેવ (મહિલા સિવણ વર્ગ પાસે)	ઈન્દ્રોડા પ્રા. શાળા
સે-૭ પટેલ વાડી	સે-૨૩ સરકારી દવાખાનું	ઈન્દ્રોડા ચામુંડા મંદિર
સે-૭ સી શિવ મંદિર	સે-૨૩ પ્રા. શાળા	ધોળાકુવા પ્રા. શાળા
સે-૭/બી સંજીવ હોસ્પિટલ	સે-૨૪, સરકારી હોસ્પિટલ	ધોળાકુવા મારવાડી છાપરા
સે-૮ પ્રા. શાળા	સે-૨૪ પ્રા. શાળા	ચરેડી છાપરાં
સે-૮ સરકારી દવાખાનું	સે-૨૪ છાપરાં	આદિવાડા પ્રા. શાળા
સે-૯ ઈન્ક્વાયરી	સે-૨૪ પોસ્ટ કોલોની	રાજભવન
સે-૧૨ પોલીસ ચોકી	સે-૨૪, વિવેકાનંદ સ્કૂલ	એસ.ટી. સ્ટેન્ડ
સે-૧૨ પ્રા. શાળા	સે-૨૭ માતંગી શાળા	અક્ષરધામ
સે-૧૨ પી.પી. યુનિટ	સે-૨૬ યશ મેડિકલ સ્ટોર્સ	સે-૨૮ બગીચો
સે-૧૩ પ્રા. શાળા	સે-૨૬ જીઆઈડીસી, કમલભાઈ જૈનનું ઘર	ઈન્ફોસોટી
સે-૧૩ છાપરાં	સે-૨૬ ભવાની કિરાણા સ્ટોર્સ	મોબાઈલ - ૧,૨,૩,૪,૫
સે-૧૩ એર ફોર્સ, દવાખાનું	સે-૨૬ જીઆડીસી, ન્યુ ગ્રીન સીટી વિડિયોકોન સામે	-

ગાંધીનગર જિલ્લા દલિત સેનાએ ડૉ. બાબાસાહેબને પુષ્પાંજલિ અર્પી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા દલિત સેનાના સભ્યોએ ગત રોજ ૧૪મી એપ્રિલના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિતે શાભાયાત્રા અને પુષ્પાંજલિ અર્પવાનો કાર્યક્રમ કર્યો હતો.

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા તા. ૧૪મી એપ્રિલે બંધારણના ઘડવૈયા અને દલિતોના મસિહા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૧મી જન્મ જયતિ નિમિતે ઘ-૪ સર્કલથી ભવ્ય શોભાયાત્રા જિલ્લા પ્રમુખ બાબુભાઈ એચ. મેસરવાલાના અધ્યક્ષસ્થાને નીકળી હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવામાં આવી હતી. આ શોભાયાત્રામાં જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલા, મહામંત્રી રેવનદાસ સાધુ, દિનકરભાઈ પરમાર, મહિલા પ્રમુખ પુષ્પાબેન પી. ડોડીયા, કાળીદાસ બાપુ, પી.એમ. પરમાર, રમણભાઈ પરમાર, રાકેશ આર. સાધુ, રમણભાઈ ડાહ્યાભાઈ, જલ્પાબેન, રીધ્ધીબેન, હંસાબેન, દક્ષાબેન, વિપુલકુમાર ડોડીયા તેમજ હોદેદારો, સભ્યો, ભાઈ-બહેનો, વગેરે મોટી સંખ્યામાં આ શોભાયાત્રામાં જોડાયા હતા. આ રેલીમાં શરણાઈ સાથે બાબાસાહેબ આંબેડકર અમર રહો, જય ભીમ બોલો વગેરે ગગનચુંબી નારા સાથે નીકળી હતી.

આજે જીવ કલ્યાણ સંસ્થાની બેઠક યોજાશે

ગાંધીનગરનાં સેકટર-૨૨ ખાતે કાર્યકરની જીવ કલ્યાણ સંસ્થાના પ્રમુખ રવીન્દ્રભાઈ દવેએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આજે ૧૫મી એપ્રિલ-૨૦૧૨ને રવિવારે સાંજે ૫ કલાકે પંચદેવ મંદિર, સેકટર-૨૨ ખાતે જીવ કલ્યાણ સંસ્થા, ગાંધીનગરના સભ્યોની સામાન્ય માસિક બેઠક યોજાશે. સંસ્થાના સૌ સભ્યો તેમજ રસ ધરાવતા સહુને સમયસર હાજર રહેવા ખાસ જણાવ્યું છે.

આજે સંકીર્તન ભજન સંધ્યા યોજાશે

ગાંધીનગર ખાતે આજે પૂ. ભાઈ શ્રી, પ્રેરિત વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર તરફથી દર માસે થતા સંકીર્તન ભજનો કાર્યક્રમ સેકટર-૧ એ પ્લોટ નં. ૪/૧, નિરંજનભાઈ ઓઝાના નિવાસ સ્થાને સાંજે ૫ થી ૬-૩૦ દરમિયાન યોજાશે. તો ભજનિક ભાઈ-બહેનોને ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

સર્જન : આવતીકાલની પેઢીને વંચાવવાનો-લખાવવાનો અને એ દ્વારા વિચારતી કરવાનો એક ઉમદા યજ્ઞ

આજની પેઢીએ વાંચવાનું છોડી જ દીધું છે અને વાંચવાનું છોડી દીધું છે એટલે વિચારવાનું પણ છોડી દીધું છે ને એમની કલ્પનાશક્તિ પણ મોળી પડી ગઈ છે. સમાજચિંતકો અને સાહિત્યપ્રેમીઓની આ ચિંતા વ્યાજબી છે. પણ આજની પેઢી વાંચતી થાય એ માટે કરવું શું? એવા લાંબા વિચારો કરવાને બદલે સીધો કાર્યનો જ અમલ થયો ગાંધીનગરમાં, ૧૯૯૭માં.

હાલ ઉમાબા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, સેક્ટર-૨૩ ખાતે અધ્યાપક તરીકે ફરજ બજાવતા સાહિત્યપ્રેમી ડૉ. પ્રણવ જોષીપુરાએ સરિતા ઉદ્યાનમાં ત્રણ દિવસની નવતર શિબિર રાખી. નવતર એ અર્થમાં કે એમાં સાહિત્યનું કોઈપણ સર્જન કરનારા સાહિત્યપ્રેમીઓ કે ભાવકો પણ સ્થાન લઈ શકે એવી મૉકળાશ હતી. આ સૌ શિબિરાર્થીઓને નીવડેલા લેખકો દ્વારા લેખનના વિષય, શૈલી, તત્ત્વ વગેરે બાબતો અંગે ઝીણવટભર્યું માર્ગદર્શન મળ્યું અને સૌએ પોતાનું સર્જન કરીને શિબિરમાં સૌને સંભળાવ્યું એ લાભ તો ખરો જ. કોઈએ કવિતા લખી તો કોઈએ લઘુવાર્તા, પણ એકંદરે આનંદ સૌને આવ્યો. એટલે આ પ્રવૃત્તિ ચાલુ રહી. ચાર વર્ષ આવી શિબિરો થતી રહી અને નવા શિબિરાર્થીઓ તેનો લાભ લેતા રહ્યા.

એ પછી ૨૦૦૭માં પ્રણવભાઈના મિત્ર તરંગ હાથી અને વત્સલ વૉરા તેમની આ પ્રવૃત્તિથી આકર્ષાયા. મિત્રો તો હતા જ, હવે આવી સર્જનાત્મક પ્રવૃત્તિમાં સાથીદાર બનવાનું તેમણે સ્વીકાર્યું અને બન્યા પણ ખરા. નવી પેઢી વાચનથી વિમુખ થઈ ગઈ છે એ વાત પર ચિંતન થયું અને એ પછી શરૂ થઈ વાચન શિબિરની યાત્રા. ડૉ. જોષીપુરા પાસે બાળ સાહિત્યનાં ૮૦૦ જેટલાં પુસ્તકોનો સુંદર સંગ્રહ છે, જેમાં પંચતંત્ર, રામાયણ અને મહાભારતનો સમાવેશ પણ ખરો! એમણે એ પુસ્તકોને ઘરની બહાર કાઢ્યાં અને મિત્રોએ પણ સાથ આપ્યો. વાચન શિબિર એટલે એક ચૉક્કસ સ્થળે બાળકોને એકત્ર કરવાનાં, તેમનાં પગરખાં રૂમની બહાર કઢાવીને કતારબંધ મૂકાવવાનાં, રૂમમાં તેમની સામે પુસ્તકોનો સંગ્રહ રાખવાનો, પુસ્તક પસંદ કરવા બાબતેય તેમને માર્ગદર્શન આપવાનું, રજિસ્ટરમાં નોંધ કરીને પુસ્તક આપવાનું અને પછી પુસ્તક વાંચવા માટે બે કલાકનો સમય આપવાનો. પુસ્તક વંચાઈ ગયા પછી એ પુસ્તકની જે વાર્તા એને ગમી હોય તે સૌને કહેવાની. વાર્તા કહેવાતી હોય ત્યારે સંચાલકો દસેક પ્રશ્નોનું લિસ્ટ એમાંથી બનાવી રાખે. વાર્તા કહેવાયા પછી સૌને એ પ્રશ્નો પૂછાય અને જે તેનો સાચો જવાબ આપે તેને ઈનામમાં પુસ્તક જ ભેટ અપાય. શરત એ કે આ પુસ્તક તરતું રાખવાનું. મતલબ કે વંચાઈ જાય પછી બીજા કોઈને આપી દેવાનું અને તેને પણ એ જ શરતે આપવાનું. આમ, પુસ્તક ફરતું રહે.

આ શિબિરમાં સંચાલકો પણ વાર્તા કહે અને એનાય પ્રશ્નો બાળકોને પૂછાય ને ઈનામો અપાય. આ ક્રમમાં કલા, સાહિત્ય, શિક્ષણ, આરોગ્ય વિષયક નિષ્ણાતને પણ બોલાવવામાં આવે જે બાળકોને માર્ગદર્શન આપે, પોતાના અનુભવની સિદ્ધ વાત કરે.

ચાર કલાકના એક દિવસના શિબિરમાં ફાયદા કેટલા ! શિસ્ત, વાચન, શ્રવણ, માર્ગદર્શન, ધ્યાન, અભિવ્યક્તિ, સ્પર્ધા, સમૂહકાર્ય અને અલબત્ત, આનંદની પ્રાપ્તિ પણ!

આવી ફાયદાકારક પ્રવૃત્તિ ન પોરસાય તો જ નવાઈ. નવા મિત્રો ને સહાયકો ભળતા ગયા. સ્વ. જવલંત ઓઝા, કિન્નરીબેન રાવલ, યાત્રી દવે, અનિષ મંકોડી વગેરે પણ આ પ્રવૃત્તિમાં જોડાયા. કોઈ નગરજને પુસ્તકોની સહાય કરી તો કોઈએ વળી નાણાંકીય સહાયની ઑફર કરી. જિલ્લા પુસ્તકાલય, સેક્ટર-૨૧ અને સેન્ટ ઝેવિયર્સ જેવી સ્કૂલોએ જોઈએ ત્યારે શિબિરો માટે સ્થળની અનુકૂળતા કરી આપી. આમ અનેક રીતે સહાય મળી અને મળતી જ રહી છે.

અલબત્ત, સંસ્થાને નાણાંકીય જરૂરિયાત ક્યારેય અનુભવાઈ જ નથી. કારણ કે જે શિબિરો કર્યા છે તે નિઃશુલ્ક કર્યા છે. શિબિરો માટે જે જગ્યાઓ મળી છે તે પણ નિઃશુલ્ક મળી છે. શિબિરનાં બાળકો માટે નાસ્તાનો કે બહારથી કોઈ વિષય નિષ્ણાત આવે ત્યારે તેમના માટે પ્રવાસનો ખર્ચ એ બહુ નાની બાબત છે અને એની વ્યવસ્થા માટે અમને બહુ ચિંતા રહેતી નથી. સભ્યોમાંથી જ કોઈ વ્યવસ્થા કરી દે છે અને કોઈને ખબરેય પડતી નથી.

આવા ૩૦થી વધુ શિબિરો અત્યાર સુધી સંસ્થાએ સફળતાપૂર્વક કર્યા છે, (જેમાં બહારગામના શિબિરો પણ ખરા, જ્યાં પુસ્તકાલય અને શિબિર એ બંને વિષે બાળકોને ખ્યાલ જ ન હોય !) અને ૧૫૦૦થી વધુ શિબિરાર્થીઓએ તેમાં ભાગ લીધો છે. શિબિરમાં ભાગ લઈને ગયેલા શિબિરાર્થીની અભિવ્યક્તિની, લખવાની કે વાંચવાની કળા ખીલી હોય એવા અનેક દાખલા જોવા મળ્યા છે અને એ બાબતનો પ્રતિસાદ પણ બાળકોનાં વાલીઓએ આપ્યો છે. આવી જ શિબિરમાં ભાગ લીધા પછી અનેક બાળકો નિયમિત રીતે લખતા થયાં હોય એવુંય બન્યું છે.

છેલ્લે ગત ડિસેમ્બર માસ દરમ્યાન આવો જ એક શિબિર અંધશાળા, સેક્ટર-૧૬નાં બાળકો સાથે કરીને આ સંસ્થાએ પોતાની આ વિષયની આવડત પર મહોર મારી દીધી છે.

અને હા, ફેસબૂક ઉપર પણ આ ગ્રૂપ સક્રિય છે. 'સર્જન : વાચન-લેખનની સંસ્થા' એ ગ્રૂપનું નામ છે અને આજની તારીખે ૫૦૩ સભ્યો આ ગ્રૂપ સાથે જોડાયેલા છે, જેમાંના ઘણા ઑનલાઈન સર્જન પણ કરે છે!

સંબંધ સજાવે જિંદગી

હરતાં-ફરતાં સાવ અચાનક

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com